ક્રમાંક: રાપબો/ઉકપ/પરીણામ/૨૦૧૭/ 3212-26

રાજ્ય પરીક્ષા બોર્ડ,ગુ.રા.
સરકારી પુસ્તકાલય સામે,
સેકટર-૨૧,ગાંધીનગર
ઈ-મેઈલ-gseb21@gmail.com
તારીખ-૧૫/૦૭/૨૦૧૭

**જાહેરનામુ :-**

**વંચાણે લીધા:-(૧) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક:રાપબો/એટીડી/૨૦૧૭/૧૩૮૮-૧૪૩૩**

રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુ.રા.,ગાંધીનગર દ્વારા આમુખમાં જણાવેલ જાહેરનામાં અન્વયે એપ્લાઈડઆર્ટ પાંચમું વર્ષ, ડ્રોઈંગ & પેઈન્ટીંગ પાંચમું વર્ષ અને શિલ્પ પાંચમું વર્ષ પરીક્ષા-૨૦૧૭માં વિવિધ કેન્દ્રો પરથી લેવામાં આવી હતી.એપ્લાઈડઆર્ટ પાંચમું વર્ષ, ડ્રોઈંગ & પેઈન્ટીંગ પાંચમું વર્ષ અને શિલ્પ પાંચમું વર્ષ પરીક્ષાનું પરીણામ આ તા. ૧૫/૦૭/૨૦૧૭ના રોજ જાહેર કરવામાં આવેલ છે. ઉક્ત તમામ પરીક્ષાના પરીણામ રાજ્ય પરીક્ષા બોર્ડની વેબસાઈટ **www.sebexam.org** પર પણ જોવા મળશે. સંબધિત સંસ્થાના ઉપસ્થિત થયેલ ઉમેદવારોના માર્કશીટ/પ્રમાણપત્ર/માઈગ્રેશન સંસ્થાના આચાર્યશ્રીને મોકલી આપવામાં આવશે. જે સંસ્થાના આચાર્યશ્રીએ સંસ્થાના રેકર્ડ સાથે ચોક્કસાઇ પૂર્વક ચકાસણી કરી સંબધિત તાલીમાર્થીઓને સત્વરે સુપ્રત કરવાનાં રહેશે.

**ઉચ્ચકલા પરીક્ષા-૨૦૧૭ ની વિગત નીચે મુજબ છે.**

| ક્રમ | પરીક્ષાનું નામ | કુલ ઉમેદવાર | ઉપસ્થિત ઉમેદવારો | પાસ | નાપાસ | ટકાવારી |
|---|---|---|---|---|---|---|
| ૧ | એપ્લાઈડ આર્ટ પાંચમું વર્ષ | ૧૦૦ | ૧૦૦ | ૯૯ | ૧ | ૯૯% |
| ૨ | ડ્રોઈંગ & પેઈન્ટીંગ પાંચમું | ૩૩ | ૩૩ | ૩૨ | ૧ | ૯૬.૯૭% |
| ૩ | શિલ્પ પાંચમું વર્ષ | ૧ | ૧ | ૧ | - | ૧૦૦% |

જે ઉમેદવાર ઉત્તરવહીના ગુણની ફેર ચકાસણી કરાવવા ઈચ્છતા હોય તેમણે તે અંગેની અરજી પરીણામ જાહેર કર્યા તારીખથી દિન-૧૫માં તા:- ૩૧/૦૭/૨૦૧૭ સુધીના ડી.ડી.સાથે પોતાની સંસ્થા મારફતે કરવાની રહેશે. ગુણ ચકાસણી ફી વિષય દીઠ રૂ.૨૦/- (અંકે રૂપિયા વીસ પુરા) ભરવાની રહેશે. આ અરજીઓ તથા ગુણ ચકાસણી ફી સંસ્થાએ એકત્ર કરી રાજ્ય પરીક્ષા બોર્ડ,ગાંધીનગરને તા.૨/૦૮/૨૦૧૭ સુધીમાં ફોર્મ/ડી.ડી.મોકલી આપવાના રહેશે.**તાલીમાર્થીની સીધી અરજી અત્રેની કચેરીએ સ્વીકારવામાં આવશે નહી.**ગુણની ચકાસણી ફી ની રકમનો ડિમાન્ડ ડ્રફ્ટ 'સચિવશ્રી,રાજ્ય પરીક્ષા બોર્ડ,ગાંધીનગર'ના નામનો કાઢવાનો રહેશે.

પ્રતિ

- આચાર્યશ્રી,એટીડી કોલેજ (સંબંધિત)

**અધ્યક્ષ**
**રાજ્ય પરીક્ષા બોર્ડ**
**ગાંધીનગર**

**નકલ સવિનય રવાના જાણ સારૂ:**

- માન. શિક્ષણમંત્રીના અંગત સચિવશ્રી,ગાંધીનગર.
- માન. રાજ્યકક્ષાના શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી,ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી,શિક્ષણ વિભાગ,ગાંધીનગર.
- કમિશ્નરશ્રીની,મ.ભો.યો.અને શાળાઓની કચેરી,ગાંધીનગર.